પ્રકરણ 7

# ભારતનાં સાંસ્કૃતિક મૂળ

ચોરો જેની ચોરી કરી શકતા નથી, કોઈ શાસક કર લઈ શકતો નથી.
જેમાં ભાઈઓનો ભાગ પડતો નથી, જે ભારરૂપ બનતી નથી.
તેમજ નિયમિત વાપરવાથી સતત વધે છે તે વિદ્યારૂપી સંપતિ બધી સંપત્તિમાં શ્રેષ્ઠ છે.

- સુભાષિત

એક ઋષિ (હમ્પી, કર્ણાટક) બુદ્ધ (ભૂતાન), મહાવીર (બિહાર)



## મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ?

1. વેદો શું છે ? તે શું સંદેશ આપે છે ?
2. પ્રથમ સહસ્રાબ્દી પૂર્વે ભારતમાં કઈ નવી વિચારધારાઓ ઉભરી આવી ? તેના મૂળભૂત સિદ્ધાંતો શું છે ?
3. ભારતીય સંસ્કૃતિમાં લોક અને આદિવાસી પરંપરાઓનું યોગદાન શું રહ્યું છે ?

0681CH07

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**આધ્યાત્મિક :** સંસ્કૃત અને ઘણી ભારતીય ભાષાઓમાં જેને 'આત્મા' તરીકે ઓળખવામાં આવે છે, તે આત્માની ઓજસ્વિતા એટલે આધ્યાત્મિક્તા, જે આપણા વર્તમાન વ્યક્તિત્વથી ભિન્ન છે અથવા ઊંડા અને ઉન્નત પરિમાણોની શોધ છે.

**મુમુક્ષુ :** કોઈક કે જે આ વિશ્વના સત્યોને શોધે છે. તે ઋષિ, સંત, યોગી, દાર્શનિક વગેરે હોઈ શકે છે.

એક અંદાજ મુજબ, ભારતીય સંસ્કૃતિ હજારો વર્ષ જૂની છે. એક પ્રાચીન વૃક્ષની જેમ, તેનાં પણ ઘણાં મૂળ અને શાખાઓ છે. જેમ મૂળ એક મુખ્ય થડને પોષણ આપે છે. અને તેમાંથી અસંખ્ય શાખાઓ નીકળે છે, તે જ રીતે ભારતીય સંસ્કૃતિ વિવિધ પાસાઓનું પ્રતિનિધિત્વ કરે છે, તેમ છતાં આ શાખાઓ મુખ્ય થડ દ્વારા જોડાયેલી છે.

એની મુખ્ય શાખાઓ કલા, સાહિત્ય વિજ્ઞાન, ચિકિત્સા, ધર્મ, શાસન, માર્શલ આર્ટ્સ વગેરે છે. કેટલીક વિચારધારાઓ પણ છે, જેના દ્વારા આપણે વિચારકો અથવા **આધ્યાત્મિક મુમુક્ષો**ના જૂથનો ઉલ્લેખ કરીએ છીએ, જેમના વિચારો માનવજીવન, વિશ્વ વગેરે વિશે સમાન વિચારો છે.

ઘણા પુરાતત્ત્વવિદો અને વિદ્વાનોએ નિર્દેશ કર્યો છે કે ભારતીય સંસ્કૃતિનાં કેટલાંક મૂળ સિંધુ અથવા હડપ્પા અથવા સિંધુ-સરસ્વતી સભ્યતા (જેનો આપણે પ્રકરણ 6 માં અભ્યાસ કર્યો છે) સુધી જાય છે. ત્યાર બાદ, સમય જતાં, ભારતમાં વિવિધ પ્રકારના જીવન દર્શનોનો ઉદય થયો. આપણે અહીં કેટલાક પ્રારંભિક દર્શનોની ચર્ચા કરીશું, જેણે ભારતને એક વિશિષ્ટ ઓળખ ધરાવતા રાષ્ટ્ર તરીકે આકાર આપ્યો છે. આપણે તેમના મૂળને સમજીને, 'ઈન્ડિયા એટલે કે ભારત' (India that is Bharat) ને સારી રીતે સમજી શકીશું.

## વેદો અને વૈદિક સંસ્કૃતિ

### A. વેદો શું છે?


વેદ શબ્દ 'વિદ' પરથી આવ્યો છે, જેનો અર્થ છે 'જ્ઞાન' (જેમ કે વિદ્યા). આપણે અગાઉના પ્રકરણમાં ઋગ્વેદનો ઉલ્લેખ કર્યો છે. હકીકતમાં ચાર વેદ છે - ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. આ વેદો ભારતના સૌથી પ્રાચીન ગ્રંથો છે જેની ગણના વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથોમાંથી એક ગણાય છે.

વેદોમાં હજારો સ્તોત્રો (કવિતાઓ અને ગીતોના રૂપમાં પ્રાર્થના) છે. આ લેખિત સ્વરૂપમાં નહોતા, પરંતુ મૌખિક રીતે સંભળાવવામાં આવતા હતા. આ સ્તોત્રો સપ્તસિંધુ ક્ષેત્રમાં રચાયાં હતાં. (જેના વિશે આપણે પ્રકરણ 5માં સમજ્યાં છીએ) આ ચાર ગ્રંથોમાં સૌથી પ્રાચીન ગ્રંથ, ઋગ્વેદ, ક્યારે રચાયો તે કહેવું મુશ્કેલ છે. નિષ્ણાતોએ તેમનો રચનાકાળ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પાંચમી સા.સં.પૂ (BCE) થી બીજી સહસ્રાબ્દી સા.સં.પૂ (BCE) સુધીનો ગણાવ્યો છે. આમ, આ ગ્રંથોને 100 થી 200 પેઢીઓ સુધી સઘન તાલીમ દ્વારા યાદ રાખવામાં આવ્યા અને કોઇ નોંધપાત્ર ફેરફાર વિના મૌખિક રીતે પેઢી દર પેઢી પહોંચાડાયા છે.



**ચૂકશો નહીં**

હજારો વર્ષોનાં વૈદિક ગ્રંથોના આ વ્યવસ્થિત મંત્રોચ્ચારને **યુનેસ્કો** દ્વારા 2008માં 'માનવતાના મૌખિક અને અમૂર્ત વારસાની અનન્ય કૃતિ' તરીકે માન્યતા આપવામાં આવી હતી.

**યુનેસ્કો :** યુનેસ્કો એટલે 'યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન'. તે શિક્ષણ, વિજ્ઞાન અને સંસ્કૃતિ મારફતે લોકો અને દેશો વચ્ચે સંવાદને પ્રોત્સાહન આપે છે.

વૈદિક ઋચાઓની રચના પુરુષ અને સ્ત્રી ઋષિઓ (કવિ અને કવયિત્રીઓ) દ્વારા સંસ્કૃત ભાષાના પ્રારંભિક સ્વરૂપમાં કરવામાં આવી હતી. આ ઋચાઓ અનેક દેવતાઓને (દેવતા અને દેવીઓ) જેમ કે - ઇન્દ્ર, અગ્નિ, વરુણ, મિત્ર, સરસ્વતી, ઉષા અને અન્યને કાવ્યરૂપે સંબોધિત કરતી હતી. આ દ્રષ્ટાઓ સાથે મળીને દેવતાઓએ માનવજીવન અને **બ્રહ્માંડ**માં લય સત્ય અને કાળક્રમ જાળવ્યો હતો.

આદ્ય પુરુષ અને સ્ત્રી ઋષિઓ દેવતાઓને અને દેવીઓને જુદા ન માનતા, પરંતુ એક જ ગણાવ્યા. જેમ કે, એક પ્રસિદ્ધ ઋચામાં કહેવામાં આવ્યું છે -

**બ્રહ્માંડ (Cosmos) :** વ્યાપક રીતે એક સુવ્યવસ્થિત અને એકરૂપ તંત્ર જેમાં આકાશગંગા, તારામંડળ કે ગ્રહોનો સમૂહ સમાવિષ્ટ છે.

एकम् सत् विप्रा बहुधा वदन्ति...

અર્થાત્

એક જ અંતિમ સત્ય છે, પરંતુ ઋષિઓ તેને અનેક નામો આપે છે.

આ **વિશ્વદર્શન**માં કેટલીક માન્યતાઓ ખાસ કરીને મહત્ત્વની હતી. જે ઋગ્વેદના અંતિમ મંત્રોમાં લોકો વચ્ચે એકતા માટેનું પણ આહ્વાન કરવામાં આવ્યું છે. જે 'સત્ય'થી શરૂ થઈ હતી, જે ભગવાનનું બીજું નામ હતું.

**વિશ્વદર્શન :** વિશ્વ, તેની ઉત્પતિ અથવા તેની કાર્ય પ્રણાલી વિશેનો એક ચોક્કસ દૃષ્ટિકોણ અથવા સમજ






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

> ચાલો, આપણે સાથે ચાલીએ, સાથે બોલીએ, આપણાં મન એક થાય, આપણા વિચારો એક થાય, આપણો હેતુ એક થાય, આપણા હૃદય એક થાય. આપણા વિચારો એક થવા દો, જેથી દરેક સંમત થાય.

## B. વૈદિક સમાજ

પ્રારંભિક વૈદિક સમાજ વિવિધ જન (કુળ અથવા લોકોના મોટા સમૂહ)માં રચાયેલો હતો. ઋગ્વેદમાં આવા 30 થી વધુ જનોની યાદી આપવામાં આવી છે, જેમ કે - ભરત, પુરુ, કુરૂ, યદુ, તુર્વશ વગેરે. દરેક કુળ (જન) ઉપખંડના ઉત્તર-પશ્ચિમી ભાગના વિશેષ વિસ્તારમાં જોડાયેલ હતા.








Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આ વ્યક્તિઓએ તેમના સમાજનું સંચાલન કેવી રીતે કર્યું તે વિશે વધુ જાણકારી મળતી નથી. વેદો આપણને માત્ર રાજા (શાસક), સભા અને સમિતિ જેવા શબ્દો સાથે જોડે છે. જે બંને સામૂહિક મેળાવડા અથવા સભાનો ઉલ્લેખ કરે છે.

વૈદિક ગ્રંથોમાં ઘણા વ્યવસાયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમ કે ખેડૂત, વણકર, કુંભાર, શિલ્પકાર, સુથાર, **વૈદ્ય**, નૃત્યાંગના, વાળંદ, પુરોહિત વગેરે.

**વૈદ્ય :** જે વ્યક્તિ રોગોને દૂર કરવા અથવા મટાડવા માટે પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.



### ચાલો, શોધીએ

શું તમે એવી સમાજવ્યવસ્થાને જાણો છો કે જ્યાં લોકો તેમના નેતાઓની પસંદગી સ્વયં કરે છે. તમને શું લાગે છે કે આવી પરિસ્થિતિથી તેમને શું ફાયદો થઈ શકે? જો તેઓ પોતાના દ્વારા પસંદ ન કરેલા નેતાને આધીન રહે છે, તો શું થઈ શકે છે ? ('શાસન અને લોકતંત્ર' વિષયમાં તમે અગાઉ જે શીખ્યા છો, તેના વિશે વિચારો), તમારા વિચારો 100-150 શબ્દોમાં લખો.

## C. વૈદિક દર્શન

વૈદિક સંસ્કૃતિમાં, ઘણી ધાર્મિક વિધિઓ (યજ્ઞ વગેરે) વિકસિત થઈ જે વ્યક્તિગત અથવા સામૂહિક લાભ અને કલ્યાણ માટે વિવિધ દેવતાઓ (દેવતાઓ અને દેવીઓ) ને સમર્પિત અથવા નિર્દેશિત હતી. દૈનિક ધાર્મિક વિધિઓમાં ફક્ત અગ્નિ (અગ્નિ સાથે સંકળાયેલા દેવ)ને પ્રાર્થના અને અર્પણનો સમાવેશ થતો હતો, પરંતુ સમય જતાં આ ધાર્મિક વિધિઓ વધુ જટિલ બની ગઈ.

ઉપનિષદો વૈદિક ખ્યાલો પર આધારિત છે અને પુનર્જન્મ (પુનરાવર્તિત જન્મ) અને કર્મ (આપણી ક્રિયાઓ અને તેમના પરિણામો) જેવા કેટલાક નવા ખ્યાલો રજૂ કરે છે. વેદાંત તરીકે ઓળખાતી વિચારધારા અનુસાર, બધું - માનવજીવન, પ્રકૃતિ અને બ્રહ્માંડ - એક દૈવી તત્વ છે જેને 'બ્રહ્મ' (આ ભગવાન બ્રહ્માથી અલગ છે) અથવા ક્યારેક ફક્ત તેને 'તત્' કહેવામાં આવે છે. આ વાત બે પ્રખ્યાત મંત્રોમાં સરળ પણ ઊંડાણપૂર્વક વ્યક્ત કરવામાં આવી છે -



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

अहम् ब्रह्मास्मि "હું બ્રહ્મ છું" (અર્થાત્, હું દિવ્ય છું)

तत् त्वम् असि... "તમે એ જ બ્રહ્મ છો"

ઉપનિષદોમાં પણ આત્મન અથવા સ્વની કલ્પના કરવામાં આવી છે, જે દરેક જીવમાં વસે છે, પરંતુ તે બ્રહ્મનું સ્વરૂપ છે, તે અનુસાર આ જગતમાં બધું જ પરસ્પર જોડાયેલું છે, અને એકમેક પર આધાર રાખે છે. તેમાં એક મહત્વપૂર્ણ પ્રાર્થનાનું વર્ણન કરવામાં આવ્યું છે, જે "સર્વે ભવન્તુ સુખિનઃ" અથવા "બધા જીવ સુખી રહે" સાથે શરૂ થાય છે, અને બધાના રોગ અને દુઃખથી મુક્તિ માટે કામના કરે છે.

### ચાલો, વિચારીએ

શું તમે આ મહત્ત્વપૂર્ણ બોધ આપતી અન્ય કોઈ વાર્તાઓ સાંભળી કે વાંચી છે ? તમે તેમાંથી કયાં મૂલ્યો શીખ્યાં ?

**ચેતનાઃ** જાગૃત હોવાની ગુણવતા અથવા અવસ્થા ઉદાહરણ તરીકે પોતાની અંદરની કોઈ વસ્તું વિશે. જાગૃત હોવુ.

પ્રથમ સહસ્રાબ્દી સા.સં.પૂર્વ (BCE)ના આરંભમાં વેદોથી કેટલાક અન્ય દર્શનોનો વિકાસ થયો. તેમાં એક હતો યોગ,- જેમાં વ્યક્તિની **ચેતના**માં બ્રહ્મના આત્મબોધને પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ્ય રાખીને વિવિધ પદ્ધતિઓ વિકસાવવામાં આવી. આ તમામ દર્શનોના સંયોજનથી કેટલાક આધારભૂત વિચારો ઊભા થયા, જેને આપણે આજે 'હિન્દુ દર્શન' તરીકે ઓળખીએ છીએ.

### બૌદ્ધ મત

અન્ય કેટલાંક દર્શનો પણ ઉદ્ભવ્યાં, જેમણે વેદોના પ્રભુત્વને ન સ્વીકાર્યું, અને પોતાની અલગ પદ્ધતિ વિકસાવી. તેમાંથી એક બૌદ્ધ ધર્મ છે.

આશરે અઢી હજાર વર્ષ પહેલાં રાજકુમાર સિદ્ધાર્થ ગૌતમનો જન્મ લુમ્બિની (વર્તમાન





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઉપનિષદની ઘણી વાર્તાઓ આપણને પ્રશ્નો પૂછવાનું મહત્વ જણાવે છે. પછી ભલે આ પ્રશ્નો સ્ત્રી, પુરુષ અથવા બાળક દ્વારા પૂછવામાં આવે.

## શ્વેતકેતુ અને સત્ય બોધનું બીજ

*(છાંદોગ્ય ઉપનિષદ)*



ઋષિ ઉદ્દાલક આરુણીએ તેમના પુત્ર શ્વેતકેતુને વેદોનો અભ્યાસ કરવા ગુરુકુળમાં મોકલ્યો. જ્યારે શ્વેતકેતુ 12 વર્ષ પછી પાછો ફર્યો ત્યારે તેના પિતાને સમજાયું કે તે તેના જ્ઞાનને કારણે ખૂબ જ ઘમંડી બની ગયો છે. તેથી ઉદ્દાલકે બ્રહ્મ સ્વરૂપ વિશે તેનું જ્ઞાન ચકાસવા માટે પ્રશ્નો પૂછ્યા, જેનો શ્વેતકેતુ જવાબ આપી શક્યો નહીં.

ઉદ્દાલકે તેમને સમજાવ્યું કે કેવી રીતે બ્રહ્મ અદૃશ્ય હોવા છતાં સર્વવ્યાપી છે. જ્યારે વડના ફળનું બીજ તોડતાં તે ખાલી જ દેખાય છે, પરંતુ તેની અંદર વટવૃક્ષ હોય છે. તેમજ જેવી રીતે માટીમાંથી અનેક પ્રકારનાં વાસણો બનાવી શકાય છે, તેવી જ રીતે આપણી આસપાસ જે પણ છે તે એક જ તત્વ - બ્રહ્મથી ઉત્પન્ન થયું છે. તેમણે તેમના ઉપદેશનું એમ કહી સમાપન કર્યું કે, “આ સૂક્ષ્મ તત્વ બધામાં વ્યાપેલું છે, શ્વેતકેતુ, તું પણ એજ છે.”

## નચિકેતા અને તેની જ્ઞાનની પિપાસા

*(કઠોપનિષદ્)*

એકવાર એક યજ્ઞ વખતે એક માણસ પોતાની બધી સંપત્તિ દાન કરી રહ્યો હતો. તેમના પુત્ર નચિકેતાએ તેમને પૂછ્યું કે મને ક્યા દેવતાને અર્પણ કરશો ? જ્યારે નચિકેતાએ આ જ પ્રશ્ન વારંવાર પૂછ્યો ત્યારે પિતા ગુસ્સે થયા અને જવાબ આપ્યો, “હું તને મૃત્યુના દેવતા યમને અર્પણ કરું છું.’’




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



આ પછી નચિકેતાએ યમલોક તરફ પ્રયાણ કર્યું. લાંબી રાહ જોયા પછી તેઓ સર્વ શક્તિમાન ભગવાનને મળ્યા. તેના મનમાં એક પ્રશ્ન હતો, "શરીરનું મૃત્યુ પછી શું થાય છે ?" પહેલાં તો યમે બાળકના પ્રશ્નનો જવાબ આપવાનું ટાળવાનો પ્રયાસ કર્યો, પરંતુ નચિકેતાના સતત આગ્રહને લીધે, યમદેવ આખરે પ્રસન્ન થયા અને તેમને આત્મા વિશે સમજાવ્યું જે તમામ જીવોમાં સહજ છે. તેનો જન્મ કે મૃત્યુ થતું નથી; તે અમર છે. આ ગહન જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી, નચિકેતા તેમના પિતા પાસે પાછા ફર્યા. જેમણે નચિકેતાને આનંદથી આવકાર્યા.

## ગાર્ગી અને યાજ્ઞવલ્ક્યનો શાસ્ત્રાર્થ

*(બૃહદારણ્યક ઉપનિષદ)*



એકવાર વિદ્વાન રાજા જનકે દાર્શનિક ચર્ચાના વિજેતા માટે પુરસ્કારની જાહેરાત કરી. યાજ્ઞવલ્ક્ય નામના પ્રસિદ્ધ ઋષિ રાજદરબારમાં આવ્યા અને ગાર્ગી તેમને પ્રશ્નો પૂછે તે પહેલાં તેમણે વિદ્વાનોને હરાવ્યા. આ પછી ગાર્ગીએ યાજ્ઞવલ્ક્યને વિશ્વની પ્રકૃતિ પર ઘણા પ્રશ્નો પૂછ્યા અને અંતે બ્રહ્મની પ્રકૃતિ પર પણ પ્રશ્નો પૂછ્યા. પછી યાજ્ઞવલ્ક્યે તેમને વધુ પ્રશ્નો પૂછવાની મનાઈ કરી. જો કે થોડા સમય પછી ગાર્ગીએ ફરીથી પ્રશ્ન પૂછ્યો, ત્યારે યાજ્ઞવલ્ક્યએ સમજાવ્યું કે કેવી રીતે બ્રહ્મા જ વિશ્વ, ઋતુઓ, નદીઓ અને બીજું બધું સર્જન કરે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નેપાળમાં) થયો હતો. તેમના જન્મના સમય વિશે વિદ્વાનોમાં સર્વસંમતિ નથી. પ્રકરણ-4માં અમે 560 સા.સં.પૂ. (BCE) ને તેમનો અંદાજિત જન્મ વર્ષ માન્યું છે. આથી આપણી આ વાર્તામાં આગળ કોઈપણ પ્રકારે ગેરસમજ ન થાય.

કથા અનુસાર, સિદ્ધાર્થ ગૌતમ રાજમહેલમાં એક સુરક્ષિત વાતાવરણમાં મોટા થયા. એક દિવસ, 29 વર્ષની ઉંમરે તેમણે રથ પર બેસીને નગરમાં ફરવાની ઇચ્છા પ્રગટ કરી અને તે સમયે તેમણે પોતાના જીવનમાં પહેલીવાર એક વૃદ્ધ, એક રોગી અને એક શબ જોયું. તેમણે એક **તપસ્વી**ને પણ જોયા, જે પ્રસન્ન અને શાંત લાગતા હતા. આ બધાનો અનુભવ કર્યા બાદ સિદ્ધાર્થે પોતાના રાજકીય જીવન, પોતાની પત્ની અને પુત્રને ત્યાગવાનું નક્કી કર્યું. એક સન્યાસીની જેમ પગપાળા ચાલતા અને અન્ય તપસ્વીઓ અને વિદ્વાનોને મળતા તેમણે માનવજીવનમાં દુ:ખોના મૂળ કારણને શોધ્યું. બોધગયા (વર્તમાન બિહાર)માં એક પીપળના વૃક્ષ નીચે કેટલાક દિવસો સુધી ધ્યાનરત રહ્યા બાદ તેમને જ્ઞાન પ્રાપ્ત થયું.

**તપસ્વી**
(Ascetic) : એવી વ્યક્તિ જે ઉચ્ચ ચેતના પ્રાપ્ત કરવા માટે કઠોર આધ્યાત્મિક સાધનાઓ કરે છે.

તેમને સમજાયું કે 'અવિદ્યા' (અજ્ઞાન) અને **'આસક્તિ' (મોહ)** માનવ દુ:ખના સ્રોત છે અને તેમણે આ બંને કારણોને દૂર કરવા માટે એક પદ્ધતિ શોધી કાઢી. આ પછી, સિદ્ધાર્થ બુદ્ધ તરીકે જાણીતા થયા, જેનો અર્થ 'પ્રબુદ્ધ' અથવા 'જાગૃત' વ્યક્તિ થાય છે.

**આસક્તિ** : સામાન્ય રીતે લાગણી કે ટેવ દ્વારા કોઈ વ્યક્તિ કે વસ્તુ સાથે સંબંધ બાંધવાની શરત.

ગૌતમ બુદ્ધે પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનનો પ્રચાર કરવાનું શરૂ કર્યું. તેમના ઉપદેશોમાં 'અહિંસા'નો વિચાર સમાયેલો છે, જેનો મૂળભૂત અર્થ છે - નુકસાન ન કરવું કે નુકસાન ન પહોંચાડવું. તેમણે નિષ્ઠાપૂર્વકનાં આંતરિક અનુશાસન પર પણ ભાર મૂક્યો. આ વાત આગળ સરળ શબ્દોમાં સરળ રીતે સમજાવવામાં આવી છે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

"પાણીથી માણસ શુદ્ધ થઈ શકતો નથી. ઘણા લોકો અહીં (પવિત્ર નદીમાં) સ્નાન કરે છે. પરંતુ જે માણસમાં સત્ય અને ધર્મ વસે છે, તે જ ખરા અર્થમાં શુદ્ધ છે." "યુદ્ધના મેદાનમાં હજારો લોકો પર હજારો વખત વિજય મેળવવાની તુલનામાં પોતાના પર વિજય મેળવવો એ વધુ મોટી સિદ્ધિ છે."

**સાધુ :** એક માણસ જે વિશ્વમાં સામાન્ય જીવનનો ત્યાગ કરીને, ધાર્મિક કે આધ્યાત્મિક કાર્યોમાં પોતાને સમર્પિત કરે છે. સાધુ સામાન્ય રીતે પ્રતિજ્ઞાઓ લે છે, એટલે કે, શિસ્તબદ્ધ જીવન માટે કડક નિયમોનું પાલન કરવા માટે પોતાને પ્રતિબદ્ધ કરે છે.

ગૌતમ બુદ્ધે સંઘની સ્થાપના કરી, જે **સાધુઓ** (પછીથી **સાધ્વીઓ**)નો સમુદાય થયો જેમણે ગૌતમ બુદ્ધના ઉપદેશોનું પાલન અને પ્રચાર કરવા માટે પોતાની જાતને સમર્પિત કરી. તેમનો ભારત અને સમગ્ર એશિયા પર ઊંડો પ્રભાવ હતો જે યાદ રાખી શકાય છે. જેની અસર આજે પણ અનુભવાય છે.

**સાધ્વી :** સાધુની સમકક્ષ સ્ત્રી




લગભગ 1,800 વર્ષ જૂની આ પથ્થરની તકતી ગૌતમ બુદ્ધના ઉપદેશને દર્શાવે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો, શોધીએ



→ ઉપરોક્ત કૃતિમાં બુદ્ધને કેવી રીતે દર્શાવવામાં આવ્યા છે તેની ચર્ચા કરો.

→ શું તમે ભારતના કેટલાંક રાજ્યો અને કેટલાક દેશોનાં નામ આપી શકો છો જ્યાં આજે પણ બૌદ્ધ ધર્મ વ્યાપક રીતે ફેલાયેલ છે. વિશ્વના નકશા પર આ સ્થાનોને ચિહ્નિત કરવાનો પ્રયાસ કરો.

### જૈન મત

જૈન ધર્મ એ એક અન્ય મહત્ત્વપૂર્ણ દર્શન છે. જે તે સમયે લોકપ્રિય બન્યું, જો કે તેને વધુ પ્રાચીન મનાય છે. સિદ્ધાર્થ ગૌતમની જેમ, રાજકુમાર વર્ધમાનનો જન્મ પણ છઠ્ઠી સદી સા.સં.પૂ. (BCE) ની શરૂઆતમાં થયો હતો. તેમનુ જન્મ સ્થળ વૈશાલી શહેર (હાલમાં બિહારમાં) નજીક આવેલું હતું. તેમણે 30 વર્ષની ઉંમરે પોતાનું ઘર છોડીને આધ્યાત્મિક જ્ઞાનની શોધ કરવાનું નક્કી કર્યું. તેમણે તપસ્વી જીવનની શિસ્તનું પાલન કર્યું અને 12 વર્ષ પછી, તેમણે ‘અનંત’ જ્ઞાન અથવા પરમ વિવેક પ્રાપ્ત કર્યું. તેઓ ‘મહાવીર’ અથવા ‘મહાનાયક’ તરીકે જાણીતા થયા અને તેમણે પોતાના પ્રાપ્ત થયેલ જ્ઞાનનો પ્રચાર કરવાનું શરૂ કર્યું.



મહાવીરનું પરંપરાગત ચિત્ર



## ચૂકશો નહીં

‘જૈન’ શબ્દ જિન પરથી આવ્યો છે, જેનો અર્થ જીતનાર એવો થાય છે. પણ તે પ્રદેશ અથવા દુશ્મનોના વિજયનો ઉલ્લેખ કરતો નથી, પરંતુ અજ્ઞાનતા અને મોહ પર વિજયનો ઉલ્લેખ કરે છે, જેથી જ્ઞાનપ્રાપ્તિ સુધી પહોંચી શકાય.

જૈન ધર્મના ઉપદેશોમાં અહિંસા ‘અનેકાંતવાદ’ અને ‘અપરિગ્રહ’નો સમાવેશ થાય છે. આ વિચારો મોટાભાગે બૌદ્ધ અને વેદાંતિક વિચારધારાના વિચારોને પ્રસ્તુત કરે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જે ભારતીય સંસ્કૃતિના કેન્દ્રમાં છે. આમાંના પહેલા વિચારોને મહાવીરના આ વિધાન દ્વારા સમજાવી શકાય છે.

"શ્વાસ લેતા તમામ જીવંત, હાજર, જીવીત અને સંવેદનશીલ જીવોને મારવા ન જોઈએ, ન તો તેમની સાથે હિંસા કરવી જોઈએ, ન દુર્વ્યવહાર કરવો જોઈએ, ન તો ત્રાસ આપવો જોઈએ અને ન તો દૂર કરવું જોઈએ."

ચાલો, છેલ્લી બે વાતોને સરળ શબ્દોમાં સમજીએ -

- અનેકાંતવાદનો અર્થ 'માત્ર એક' બાજુ કે દૃષ્ટિકોણ નથી. એટલે કે સત્યનાં ઘણાં પાસાં છે અને તેને ફક્ત એક જ વિધાન દ્વારા સંપૂર્ણ રીતે સમજાવી શકાતું નથી.
- અપરિગ્રહનો અર્થ 'સંગ્રહ ન કરવો' થાય છે તે ભૌતિક વસ્તુઓથી દૂર રહેવાની અને જીવનની ફક્ત જરૂરી વસ્તુઓ સુધી જ પોતાને મર્યાદિત રાખવાની સલાહ આપે છે.

જૈન ધર્મ મનુષ્યોથી લઈને અદશ્ય જીવો સુધીના તમામ જીવંત પ્રાણીઓની પરસ્પર જોડાણ અને પરસ્પર નિર્ભરતા પર પણ ભાર મૂકે છે, કારણ કે તે બધા એકબીજાના પૂરક છે અને એકબીજા વિના ટકી શકતા નથી. પ્રકૃતિ, પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિનો અભ્યાસ કરતા વૈજ્ઞાનિકોએ આ ગહન સત્યની વારંવાર પુષ્ટિ કરી છે.

જાતક કથાઓ પેઢી દર પેઢી ભારતીય બાળકો અને પુખ્તવયના લોકોને સમાન રીતે આનંદિત કરતી આવી છે. આ કથાઓ બુદ્ધના પૂર્વ જન્મોની વાર્તા છે અને ખૂબ જ સરળ રીતે બૌદ્ધ આદર્શોને વ્યક્ત કરે છે.

એક પ્રસિદ્ધ જાતક કથામાં, બુદ્ધ વાનરોના મોટા સમૂહના રાજા હતા. તેઓ એક વિશાળ વૃક્ષની નજીક રહેતા હતા, જેના પર મીઠાં અને સુગંધિત ફળો લાગેલાં હતાં. વાનરરાજનો આદેશ હતો કે તે વૃક્ષનું એક પણ ફળ નીચે પડવું જોઈએ નહીં છતાં એક દિવસ એક પાકેલું ફળ નીચે નદીમાં પડી ગયું. પાણીના પ્રવાહ સાથે વહેતા તે ફળ જાળમાં ફસાઈ ગયું અને તેને રાજમહેલ લઇ જવામાં આવ્યું.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રાજા તે ફળના સ્વાદથી એટલા મોહિત થયાં કે તેમણે પોતાના સૈનિકોને તે ફળના વૃક્ષને શોધી કાઢવા જણાવ્યું. લાંબા સમય સુધી શોધ્યા પછી તેમને તે વૃક્ષ મળી ગયું અને તેમણે જોયું કે વાનરો તે ફળોની મજા લઈ રહ્યા હતા. સૈનિકોએ વાંદરાઓ પર આક્રમણ કર્યું.

વાનરરાજ પાસે પોતાના વાનરોને બચાવવા માટે માત્ર એક જ રસ્તો હતો - તેમને નદી પાર કરાવવા માટે મદદ કરવી. પરંતુ તે પોતે તે કરવાના સક્ષમ નહોતા. તે બધાથી મોટા હોવાથી, વાનરરાજે નદીના બીજા કિનારે એક વૃક્ષ પકડ્યું અને પોતાનું શરીર એક પુલ તરીકે બનાવ્યું. આ પ્રક્રિયામાં તેમનું શરીર ઘાયલ થયું અને અંતે તેમનું મૃત્યુ થયું.

રાજાએ થોડા અંતરેથી આ દૃશ્ય જોયું અને વાનરરાજના આ નિ:સ્વાર્થી બલિદાનથી ખૂબ પ્રભાવિત થયા. તે પણ પ્રજાની સાથે પોતાની ભૂમિકા પર વિચાર કરવા લાગ્યા.



એક પથ્થરની પેનલ (મધ્યપ્રદેશના ભરહૂત ખાતે) જેમાં વાનર-રાજાની વાર્તા દર્શાવવામાં આવી છે

### એક જૈન કથા

રોહિનેય ખૂબ જ કુશળ ચોર હતો, જેણે તેને પકડવાના તમામ પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા. એકવાર, તે જઈ રહ્યો હતો, ત્યારે તેમણે અચાનક અજ્ઞાનતાના સામાન્ય જીવનમાંથી મુક્તિ મેળવવા માટે મહાવીરના ઉપદેશનાં કેટલાંક વાક્યો સાંભળ્યાં. નગરમાં પહોંચ્યા પછી, તેની ઓળખ છતી થઈ અને તેની ધરપકડ કરવામાં આવી. તેણે પોતાને એક સામાન્ય ખેડૂત ગણાવ્યો. એક મંત્રીએ ચતુરાઈથી તેને પોતાની ઓળખ જાહેર કરવા માટે મજબૂર કરવાની યોજના ઘડી પરંતુ મહાવીરના શબ્દોને યાદ કરીને રોહિનેયને મંત્રીની યુક્તિ સમજાઈ ગઈ અને તે બચી ગયો પાછળથી રોહિનેયને તેનો ખૂબ પસ્તાવો થયો. તે મહાવીર સ્વામી પાસે ગયો અને તેણે પોતાના ગુનાઓ કબૂલ કર્યા. તેણે ચોરી કરેલા પૈસા પરત કર્યા અને તેના ગુનાઓ માટે માફી માંગી. તેઓ સાધુ બન્યા અને તેમના પોતાના અત્યાર સુધીના ભ્રામક જીવનનો અહેસાસ થયો. ત્યારબાદ તેમણે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

આ વાર્તા યોગ્ય ક્રિયા અને યોગ્ય વિચારોનું મહત્ત્વ દર્શાવે છે અને એ પણ જણાવે છે કે દરેક વ્યક્તિને જીવનમાં બીજી તક મળવી જોઈએ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## ચાલો, શોધીએ

ઉપરોક્ત શિલ્પ (નવી દિલ્હીનું એક જૈન મંદિર) નું અવલોકન કરો. તેમાં શું ખાસ દેખાઈ રહ્યું છે ? તેમાં શું સંદેશ છુપાયેલો છે ?

## ચાલો, વિચારીએ

બૌદ્ધ મત અને જૈન મત બંનેમાં અહિંસાનો અર્થ માત્ર વ્યક્તિ અથવા જીવ પર શારીરિક હિંસા ન કરવી એટલો મર્યાદિત નથી. તેમાં વિચારોની હિંસાથી પણ સંયમ રાખવાનો ઉદ્દેશ્ય છે, જેમ કે કોઈની વિરુદ્ધ ખરાબ ભાવના ન રાખવી. જો આપણે સ્વને ધ્યાનપૂર્વક નિહાળીએ, તો આપણે આપણા અંદર આવા નકારાત્મક વિચારો અનુભવી શકીએ છીએ, અને આપણે તે વિચારોને સકારાત્મક વિચારોમાં પરિવર્તિત કરવાની કળા શીખવી જોઈએ. ક્યારેક આ નકારાત્મક વિચારો પોતાની જાત તરફ પણ નિર્દેશ કરે છે.

બૌદ્ધ અને જૈન ધર્મ બંનેમાં, સાધુઓ અને ક્યારેક સાધ્વીઓ પણ દેશમાં દૂરના સ્થળોએ પ્રવાસ કરતાં હતાં અને તેમના ઉપદેશોનો ફેલાવો કરતાં હતાં. આમાંના કેટલાક લોકો અલગ અલગ જગ્યાએ ગયા અને નવા મઠો બનાવ્યા, જ્યારે કેટલાક લોકો પથ્થરની ગુફાઓમાં તપસ્વીનું જીવન જીવતા હતા. પુરાતત્વીય શોધમાં આ મઠોના કેટલાક અવશેષો મળી આવ્યા છે. જેમાંથી ઘણી જગ્યાએ, પથ્થરની ગુફાઓમાં ત્યાં રહેતા અને પથ્થરના પલંગો પર સૂઈ રહેતા સાધુઓનાં નામ પણ મળી આવ્યાં છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



*સા.સં. પૂર્વે 6થી 10મી સદીની વચ્ચે ઇલોરા (મહારાષ્ટ્ર)માં ગુફાઓ પહાડોમાં કોતરાયેલ હતી. કેટલીક ગુફાઓ હિન્દુ છે, તો કેટલીક બૌદ્ધ અને જૈન છે.*

### ચાલો, વિચારીએ

અંગ્રેજી ભાષામાં હિન્દુ, બૌદ્ધ, જૈન અને શીખ વિચારધારાને 'ધર્મ'ના નામથી ઓળખવામાં આવે છે. આપણે અહીં આ શબ્દનો ઉપયોગ કર્યો નથી. અહીં તેને 'દર્શન' અથવા 'મત' અને (આ અધ્યાયમાં આગળ) 'વિશ્વાસ' કહીને ઓળખાવવામાં આવ્યું છે. તેનું કારણ એ છે કે આ મતો અને દર્શનોનાં અનેક પાસાં છે, જેનો આપણે આગળ અભ્યાસ કરીશું, જેમ કે તેમનું તત્વચિંતનાત્મક પાસું, આધ્યાત્મિક પાસું, નૈતિક પાસું, સામાજિક પાસું, ધાર્મિક પાસું વગેરે. અનેક વિદ્વાનો માને છે કે અંગ્રેજીનો શબ્દ 'રિલિજન' ભારતીય સભ્યતા સંદર્ભમાં ખૂબ મર્યાદિત છે.

તે સમયે બીજાં પણ ઘણાં મંતવ્યો પ્રચલિત હતાં. ઉદાહરણ તરીકે, આમાંથી એક 'ચાર્વાક' વિચારધારા છે, જેને ક્યારેક 'લોકાયત' પણ કહેવામાં આવે છે. આ મુજબ, આ ભૌતિક જગત એકમાત્ર સત્ય છે અને તેથી મૃત્યુ પછીનું જીવન અશક્ય છે. એવું લાગે છે કે આ વિચારધારાને વધુ લોકપ્રિયતા મળી ન હતી અને સમય જતાં તે નામશેષ થઈ ગઈ. આપણે અહીં આનો ઉલ્લેખ એ બતાવવા માટે કરીએ છીએ કે બૌદ્ધિક અથવા આધ્યાત્મિક માન્યતા પ્રથાઓમાં વિશાળ વિવિધતા હતી અને લોકો તેમની પોતાની રૂચિ મુજબ તેને પસંદ કરવા માટે સ્વતંત્ર હતા.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વૈદિક, બૌદ્ધ અને જૈન વિચારધારા વચ્ચે નોંધપાત્ર તફાવત હોવા છતાં, તેમની પાસે ધર્મ, કર્મ, પુનર્જન્મ, દુઃખ અને અજ્ઞાનના અંતની શોધ અને અન્ય ઘણાં મહત્ત્વપૂર્ણ મૂલ્યો જેવા કેટલાક સમાન ખ્યાલો પણ હતા. હકીકતમાં, આ તે વૃક્ષનું થડ છે, જેના ઉદાહરણથી આપણે આ પ્રકરણ શરૂ કર્યું છે.

## લોક અને જનજાતિનાં મૂળ

આપણે અત્યાર સુધી જે સાંસ્કૃતિક મૂળનો અભ્યાસ કર્યો છે તેનું વર્ણન અનેક શાસ્ત્રોમાં કરવામાં આવ્યું છે. ભારતમાં પણ સમૃદ્ધ મૌખિક પરંપરાઓ રહી છે. આનો અર્થ એ છે કે ઉપદેશો અને પ્રથાઓ વિશેનું જ્ઞાન. જે રોજિંદા વ્યવહાર દ્વારા પ્રસારિત થાય છે, લેખિત શાસ્ત્રો દ્વારા નહીં. આ વાત વેદોના સંદર્ભમાં પણ લાગુ પડે છે. આમાં, ઘણા લોકરિવાજો છે જે સામાન્ય લોકો દ્વારા ફેલાયેલા છે અને જનજાતિ પરંપરાઓ જે જનજાતિ દ્વારા ફેલાયેલી છે.

### જનજાતિ શું છે?

આ સામાજિક એકમની ઘણી વ્યાખ્યાઓ આપવામાં આવી છે. આજના સમયમાં નૃવંશશાસ્ત્રી (માનવ વૈજ્ઞાનિકો) જનજાતિને તે પરિવાર અથવા વંશોના સમૂહ તરીકે માને છે, જે એક સમાન વંશપરંપરા, સંસ્કૃતિ અને ભાષા ધરાવે છે; પરસ્પર નજીકના સંબંધો જાળવી રાખીને સમુદાયમાં રહે છે; જેમના એક મુખીયા હોય છે અને તેમની પાસે પોતાની કોઈ ખાનગી મિલકત હોતી નથી.

આ જાણવું રસપ્રદ છે કે પ્રાચીન ભારતમાં 'જનજાતિ' માટે કોઈ શબ્દ ન હતો - જનજાતિઓ માત્ર જુદા જુદા 'સમૂહો' હતાં, જે ખાસ પરિસ્થિતિઓમાં રહેતાં હતાં, જેમ કે જંગલ અથવા પહાડ. ભારતના બંધારણમાં અંગ્રેજીમાં તેમના માટે 'ટ્રાઈબ' અને 'ટ્રાઇબલ કમ્યુનિટી' અને હિન્દીમાં 'જનજાતિ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

અધિકૃત આંકડા અનુસાર વર્ષ 2011માં ભારતના મોટાભાગના રાજ્યોમાં 705 જનજાતિઓ વસવાટ કરતી હતી, જેમની સંખ્યા આશરે 10.04 કરોડ (104 મિલિયન) હતી - આ ઑસ્ટ્રેલિયા અને યુ.કે.ની કુલ વસતિ કરતાં વધુ છે.

19મી સદીમાં જનજાતિઓનો અભ્યાસ કરનાર (નૃવંશશાસ્ત્ર)એ તેમને સામાન્યપણે સભ્ય-માનવોની તુલનામાં 'આદિમ' અથવા 'હીન' ગણાવ્યા હતા. જનજાતીય સમુદાયો અને તેમની સમૃદ્ધ તથા જટિલ સંસ્કૃતિઓના ઊંડા અભ્યાસ પછી આવા પક્ષપાતભર્યા વિચારોને મોટાભાગે નકારી કાઢવામાં આવ્યા છે.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જેમ કે આપણે આ પ્રકરણમાં ઉલ્લેખ કર્યો છે, લોક અને જનજાતિ પરંપરાઓ અને મુખ્ય વિચારો વચ્ચે સતત સંપર્ક થયો છે. પરસ્પર દેવી દેવતાઓ, ધારણાઓ, દંતકથાઓ અને રીતિ-રિવાજોની આપ-લે થઈ છે. ઉદાહરણ તરીકે, પરંપરા મુજબ પુરી (ઓડિશા)ના ભગવાન જગન્નાથ મૂળરૂપે જનજાતિ દેવતા હતા. જે દેવી માતાના વિવિધ રૂપોની પૂજા સમગ્ર ભારતમાં થાય છે તે માટે પણ આ જ વાત સાચી છે. બીજી તરફ, કેટલાક જનજાતિ સમુદાયોએ હિંદુ દેવતાઓને ઘણાં પહેલાંથી સ્વીકારી લીધા હતા અને મહાભારત તથા રામાયણનાં તેમનાં પોતાનાં સ્વરૂપો છે - જેનો ઉલ્લેખ ભારતના પૂર્વોત્તર રાજ્યોથી લઈને તમિલનાડુ સુધી જોવા મળે છે.



આવા આદાન-પ્રદાન સંપર્કો એટલા લાંબા સમયથી અને સહજ રીતે કેવી રીતે ચાલી રહ્યાં છે ? કારણ એ છે કે લોક પરંપરાઓ, જનજાતિ સમાજ અને હિંદુ માન્યતાઓમાં અનેક સમાન સંકલ્પનાઓ છે. ઉદાહરણ તરીકે ત્રણેયમાં પ્રાકૃતિક તત્ત્વો જેમ કે પર્વતો, નદીઓ, વૃક્ષો, છોડ, પ્રાણીઓ અને કેટલાક ખડકોને પણ પવિત્ર માનવામાં આવ્યા છે, કારણ કે એમાં ચેતનાનું અસ્તિત્વ માનવામાં આવે છે. જનજાતિઓ ઘણીવાર આ પ્રાકૃતિક તત્ત્વોથી જોડાયેલા દેવતાઓની પૂજા કરે છે. ઉદાહરણ તરીકે, તમિલનાડુના નીલગિરિ પર્વતમાં રહેતા ટોડા જનજાતિ સમાજના મતે આ પર્વતના 30થી વધુ શિખરો દેવતાઓનાં નિવાસસ્થાન છે. આ શિખરો એટલાં પવિત્ર માનવામાં આવે છે કે ટોડા લોકો એ તરફ પોતાની આંગળી ચીંધવાનું પણ ટાળે છે.



દેવતાઓની આટલી વિવિધતા હોવા છતાં, હિંદુ ધર્મની જેમ ઘણી જનજાતિ પરંપરાઓમાં પણ ઉચ્ચત્તમ દેવત્વ અથવા પરમાત્માની કલ્પના છે. ઉદાહરણ તરીકે, અરુણાચલ પ્રદેશની અનેક આદિવાસી જાતિઓ ડોનીપોલોની પૂજા કરે છે, જે સૂર્ય અને ચંદ્રના મિશ્ર સ્વરૂપ છે અને જેમને પરમાત્મા તરીકે માનવામાં આવે છે. મધ્ય ભારતમાં ખંડોબા ભગવાન સાથે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આ જ પ્રકારનું ઉદાહરણ જોવા મળે છે. પૂર્વ ભારતમાં, મુંડા અને સંથાલ જનજાતિઓ દૈવી શક્તિઓ સાથે સિંગબોંગાની પૂજા કરે છે, જેમને તેઓ પરમાત્મા માને છે અને જેમણે આ વિશ્વ રચ્યું છે. આવાં ઘણાં બધાં ઉદાહરણો છે.

ભારતીય સમાજશાસ્ત્રી આન્દ્રે બેટે આ પરિસ્થિતિનું વર્ણન એ રીતે કર્યું છે :

> "ભારતીય ઉપખંડમાં રહેતી હજારો જાતિઓ અને જનજાતિ સમાજે પ્રારંભિક સમયથી પરસ્પર ધાર્મિક માન્યતાઓ અને પ્રથાઓ પર અસર કરી છે. જનજાતિ ધર્મો પર હિંદુ તત્ત્વજ્ઞાનના પ્રભાવને વ્યાપકપણે સ્વીકારવામાં આવ્યો છે, પણ તે પણ સાચું છે કે હિંદુ તત્ત્વજ્ઞાનની રચનાના તબક્કામાં અને તેના વિકાસમાં આદિવાસી માન્યતાઓનો પ્રભાવ રહ્યો છે."

આ લાંબા સમયના આદાન-પ્રદાન સંપર્કનું પરિણામ પરસ્પર સમૃદ્ધિમાં દેખાઈ આવ્યું છે. આ રીતે લોક પરંપરા, આદિવાસી માન્યતાઓ તથા પ્રથાઓ ભારતની સંસ્કૃતિના મૂળમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આપણે આ વિષય પર વધુ વિસ્તૃત ચર્ચા આગળના પ્રકરણમાં કરીશું.



## આપણે આગળ વધીએ તે પહેલાં...

- ભારતના પ્રાચીનતમ ગ્રંથો વેદોએ અનેક દર્શનોને જન્મ આપ્યો છે, જેમાં વેદાંત અને યોગ મુખ્ય છે.
- બૌદ્ધ અને જૈન દર્શનોએ વેદોના અધિકાર ક્ષેત્રથી અલગ થઈને કેટલાંક વિશિષ્ટ મૂલ્યો અને પ્રશ્નો પર ભાર મૂક્યો હતો.
- જો કે, આ પંથોના સિદ્ધાંતો અને પદ્ધતિઓ ભિન્ન હતા, તેમ છતાં તેમાં કેટલીક મહત્ત્વપૂર્ણ સંકલ્પનાઓ સમાન હતી. તેઓ દુઃખના કારણ અને અજ્ઞાનના નિવારણના ઉપાયો શોધવા માટે સતત પ્રયત્ન કરતા રહેતા.
- હજારો વર્ષોથી આદિવાસી માન્યતાઓ, પ્રથાઓ અને કળાઓનું હિંદુદર્શન સાથે મિશ્રણ થતું આવ્યું છે. તેમની વચ્ચે સતત આદાન-પ્રદાન રહે છે. જનજાતિ માન્યતાઓમાં ભૂમિ અને તેની વિશિષ્ટતાઓને પવિત્ર માનવામાં આવે છે, જેમાં ઉચ્ચ દેવતાનું એક ઉચ્ચતમ સ્વરૂપ પણ માનવામાં આવ્યું છે.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ

1. જો તમે નચિકેતા હોત તો તમે યમરાજ પાસે ક્યા પ્રશ્નો પૂછ્યા હોત ? તમારા પ્રશ્નો 100-150 શબ્દમાં લખો.
2. બૌદ્ધ મતના મુખ્ય વિચારોને સમજાવો અને તેમના વિશે સંક્ષિપ્ત ટિપ્પણીઓ લખો.
3. નીચે આપેલા ગૌતમ બુદ્ધના એક ઉદાહરણ પર ચર્ચા કરો : "જળથી વ્યક્તિ શુદ્ધ થઈ શકતો નથી, ભલે તે અહીં (પવિત્ર નદીમાં) કેટલીય વાર સ્નાન કરે."
4. જૈન મતના કેટલાક મુખ્ય વિચારોને સમજો અને તેમની ટિપ્પણીઓ લખો.
5. આન્દ્રે બેટેના કથન પર વિચાર-વિમર્શ કરો. (જુઓ પૃષ્ઠ 122).
6. તમારા વિસ્તારમાં દેવી-દેવતાઓ અને તે સાથે જોડાયેલા પૂર્વ તહેવારોની યાદી બનાવો.
7. વર્ગની પ્રવૃત્તિ તરીકે, તમારા વિસ્તારની અથવા રાજ્યના બે-ત્રણ આદિવાસી સમુદાયો સાથે જોડાયેલી પરંપરાઓ અને માન્યતાઓ વિશે લખો તેમના પરંપરા અને માન્યતા અંગેની પ્રણાલીઓની યાદી બનાવો.


## સાચું કે ખોટું

1. વૈદિક મંત્રોની હસ્તપ્રત તાડપત્ર પર લખવામાં આવી છે.
2. વેદ ભારતના પ્રાચીનતમ ગ્રંથ છે.
3. વૈદિક ઉક્તિ "એકમ્ સત્ વિપ્રા બહુધા વદન્તિ" બ્રહ્માંડની શક્તિઓની એકતા પર ભાર મૂકે છે.
4. બૌદ્ધ મત વેદોથી પણ વધુ પ્રાચીન છે.
5. જૈન મત બૌદ્ધ મત એક શાખા તરીકે વિકાસ પામ્યો હતો.
6. બૌદ્ધ મત અને જૈન પંથ બંને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને તમામ જીવાત્માઓને નુકસાન ન પહોંચાડવા માટે પ્રયત્નશીલ છે.
7. આદિવાસી માન્યતાઓ આત્મા અને દેવતાઓ સુધી મર્યાદિત છે.

## પ્રવૃત્તિ

1. મૃત્યુના દેવતા (યમ) અને નચિકેતા વચ્ચેના સંવાદનું એક નાટક ભજવો. જેમાં વર્ગના તમામ વિદ્યાર્થીઓ નચિકેતા બનીને જીવન અને મૃત્યુ અંગેના પ્રશ્નો પૂછશે.


Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



વડનું વૃક્ષ પ્રકરણ 7 અને 8 ના વિષય માટે એક યોગ્ય દૃષ્ટાંત છે, અને ભારતીય સભ્યતા માટે એક ઉત્તમ પ્રતીક છે. તેની ઊંડી મૂળ પ્રણાલી, વિશાળ થડ અને ચારેય દિશાઓમાં ફેલાયેલી શાખાઓ સાથે, તે એક વિશાળ વિસ્તારમાં વિસ્તરી શકે છે અને ઘણી સદીઓ સુધી ટકી શકે છે. તે વિવિધ પ્રકારની વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિને આશ્રય આપે છે અને તેની શાખાઓને, જોકે થડ પર એક થયેલી છે, તેમ છતાં પોતાના નવા મૂળિયાં નાખવા માટે પ્રોત્સાહિત કરે છે. ખરેખર, હિન્દુ ધર્મ, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ વડના વૃક્ષને પવિત્ર ગણે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in